| | | | |
|---|---|---|---|
| Published Date: | 20 Sep 2025 | Publication: | Divya Bhaskar (Gujarati) [Mumbai] |
| Journalist: | Bureau | Page No: | 14 |
| Circulation: | 63,258 | | |


# ટાટા એસેટ મેનેજમેન્ટે ઈનબાઉન્ડ રિટેલ ડાયનેમિક ઈ.ફંડ રજૂ કર્યું

**અમદાવાદ |** ટાટા એસેટ મેનેજમેન્ટે વૈશ્વિક રોકાણકારોને ફંડ મેનેજમેન્ટ સર્વિસીઝનો વિસ્તાર કરવા અને તેમને ભારતના વાઈબ્રન્ટ ઈક્વિટી માર્કેટ્સની એક્સેસ પૂરી પાડવા માટે ગુજરાતના ગિફ્ટ સિટી આઈએફએસસી ખાતે બ્રાન્ચ શરૂ કરી છે. કંપનીને ટાટા ઈન્ડિયા ડાયનેમિક ઈક્વિટી ફંડ ગિફ્ટ આઈએફએસસી રજૂ કરવા માટેની મંજૂરી મળી છે. આ એક રિટેલ-ફોકસ્ડ ઈનબાઉન્ડ ફીડર ફંડ છે જેમાં લઘુતમ 500 યુએસ ડોલરથી રોકાણ કરી શકાશે. આ ફંડ મ્યુચ્યુઅલ ફંડ ઈક્વિટી સ્કીમ્સ અને એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ્સમાં રોકાણ કરશે. ટાટા એસેટ મેનેજમેન્ટના ઈન્ટરનેશનલ બિઝનેસ હેડ અભિનવ શર્માએ જણાવ્યું કે આ ફંડ પ્રવર્તમાન બજાર પરિસ્થિતિઓના આધારે ગતિશીલ રીતે એસેટ્સની ફાળવણી કરશે. વર્તમાન સ્થિતિમાં તે એયુએમના 50-100 ટકાની બ્રોડ-બેઝ્ડ ફંડ્સ અને 0-50 ટકાની સેક્ટરલ તથા થીમેટીક તકોમાં ફાળવણી કરશે જેથી મહત્તમ ફ્લેક્સિબિલિટી જાળવવા સાથે ભારતના વિકાસની સંભાવનામાં વૈવિધ્યપૂર્ણ એક્સેસ સુનિશ્ચિત થઈ શકે.